**<u>પર.ફોજદારી અરજી નં.પ૮/૨૦૨૫ આંક–૧ની અરજી તળેનો હુકમઃ–</u>**

(૧) આ કામે અરજદાર હંસાબેન નરેશભાઈ લાધવા નાએ હાલની અરજી કરી, જણાવેલ છે કે, નામદાર કોર્ટ દવારા પર. ફોજ.અરજી નં.૮૩/૨૦૧૯ સી.આર.પી.સી. કલમ– ૧૨૫ મુજબના કામે અરજદારને ભરણપોષણ પેટે માસીક રૂા.૭૦૦૦/– તથા અરજી ખર્ચના રૂા.૧૦૦૦/– નો સામાવાળા વિરુધ્ધ હુકમ ફરમાવેલ હતો. આ કામના સામાવાળા તરફથી અરજદારને ઉપરોકત હુકમ મુજબની રકમ ચુકવતા ન હોવાથી હાલની અરજી દાખલ કરી, તા.૦૩/૧૨/૨૦૧૯ થી તા.૦૨/૦૩/૨૦૨૫ સુધીના ૬૩ માસના ભરણપોષણ રૂા.૭૦૦૦/– લેખે કુલ રૂા.૪,૪૨,૦૦૦/– આ કામના સામાવાળા પાસેથી વસુલ અપાવવા અન્યથા સામાવાળા ની હરેક પ્રકારની મિલ્કતમાંથી વસુલ અપાવવા વિકલ્પે સામાવાળાને કસ્ટડીમા મોકલવા અરજ કરેલ છે.

(૨) સદરહુ અરજી અન્વયે આ કામના સામાવાળાને નોટીસો કરવામા આવતા, આ કામના સામાવાળા તેમા વ.શ્રી મારફતે હાજર થયેલા અને અરજીના કામે તા.૧૭/૧૨/૨૫ ના રોજ રૂા.૨૫,૦૦૦/– જમા કરાવેલ ત્યારબાદ તા.૧૮/૧૨/૨૫ ના રોજ સામાવાળા દવારા રૂા.૭૫,૦૦૦/– જમા કરાવેલ. જે રકમ અરજદારને તા.૧૯/૧૨/૨૫ ના રોજ અદાલત દવારા ચુકવી આપવામાં આવેલ. ત્યારબાદ સામાવાળા દવારા તા.૨૧/૦૨/૨૬ ના રોજ રૂા.૫૦,૦૦૦/– જમા કરાવેલ. ત્યારબાદ તા.૨૧/૦૨/૨૬ ના રોજ સામાવાળા તરફથી રૂા.૫૦,૦૦૦/– નો ચેક નં.૦૮૦૯૮૮ એસ.બી.આઇ. બેન્કનો જમા કરાવેલ. જે આ કામના અરજદારને ચુકવી આપવામાં આવેલ છે. હવે આ કામે ૬૩ માસના ભરણપોષણ રૂા.૭૦૦૦/– લેખે કુલ રૂા.૪,૪૨,૦૦૦/– બાકી રહેતી રકમ સામે સામાવાળા દવારા રૂા.૨,૦૦,૦૦૦/– ચુકવી આપેલ છે અને બાકી રહેતી રકમ રૂા.૨,૪૨,૦૦૦/– અન્વયે સામાવાળા તરફથી તા.૨૮/૦૨/૨૬ ના રોજ બાકી રહેતી રકમ માટે મુદત અરજી આપતા, સદરહુ અરજી અન્વયે અરજદારના વ.શ્રીનો વાંધો રજુ કરેલ છે તે ધ્યાને લેતા, આ કામના

સામાવાળાને તા.૧૩/૦૩/૨૬ ના રોજ બાકીની પુરેપુરી રકમ ભરવાની શરતે તથા સામાવાળા એ કોર્ટ રુબરુ હાજર રહેવાની શરતે અરજી મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ સામાવાળા આજરોજ તા.૧૩/૦૩/૨૬ ના રોજ હાજર રહેલ નથી અને તેમના વ.શ્રી દવારા આંક-૧૫ થી રીપોર્ટ આપી મુદતની માંગણી કરવામા આવેલ જે ન્યાયના હીતમા નામંજુર કરવામાં આવેલ. આ કામના સામાવાળાને બાકી રહેતી રકમ ભરપાઇ કરવા પુરતી અને વ્યાજબી તક આપવામા આવેલ છે.

(૩) આ કામે અરજી તથા સલગ્ન રેકર્ડ ધ્યાને લેતા એ હકીકત નિર્વિવાદ છે કે આ કામના પક્ષકારો વચ્ચે સીઆરપીસી. કલમ-૧૨૫ અન્વયેની ફોજદારી પરચુરણ અરજી નં.૮૩/૧૯ ના કામે કરેલ જેમાં થયેલ હુકમ મુજબ અરજદારને રુ.૭૦૦૦/- ભરણપોષણ અરજદારને સામાવાળાએ ચુકવવાનો હુકમ તારીખ ૧૮-૦૩-૨૦૨૫ ના રોજ કરેલ અને તે હુકમ મુજબ હાલની અરજીની તારીખ સુધીમા સામાવાળા સામે કુલ રુ.૪,૪૨,૦૦૦/- ૬૩ માસના ચડત થયેલા છે જે રકમ પેકી આ કામના સામાવાળા દવારા રુ.૨,૦૦,૦૦૦/- (બે લાખ) ચુકવી આપેલ હોવાનું રેકર્ડ આધારીત જણાઇ આવે છે. બાકી રહેતી રકમ રુ.૨,૪૨,૦૦૦/- અરજદારને સામાવાળા એ ચુકવેલ ન હોય અરજદારે હાલની અરજી દાખલ કરેલ હોવાનુ જણાય છે. અને તે રકમ નહી ચુકવવા માટે આજરોજ સામાવાળા તરફે પોતે જાતે હાજર રહેલ નથી અને સામાવાળાના વિ.વ.શ્રી દવારા મુદત રીપોર્ટ રજુ કરતા તે નામંજુર કરવામાં આવેલ છે. તે સંજોગોમાં આ કામના સામાવાળાને બાકી રહેતી રકમ અન્વયે કાયદાની જોગવાઈ ધ્યાને લેતા કેદની સજા કરવા સીવાય અદાલત પાસે કોઈ વિકલ્પ રહેતો નથી. વધુમાં સદર કાયદાની જોગવાય ધ્યાને લેતા ૧(એક) માસની ચડત ભરણપોષણની રકમ ભરવાના હુકમના ભંગ બદલ કસુર કરનારને ૧(એક) માસની કેદની સજા કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. પરંતુ સાથોસાથ સદરહુ કાયદાની જોગવાયનો ઉદેશ્ય ધ્યાને લેતા દંડનાત્મક શિક્ષાની જોગવાઈ એટલા માટે કરવામાં આવેલ છે કે, અરજદારને તેનો હકક સમયસર મળી રહે અને સામાવાળાને પોતાની જવાબદારી તથા તેની ફરજનું ભાન થાય. વધુમાં આ કામના સામાવાળાને મહતમ સમય માટે

જેલમાં રાખવામા આવે તો પણ અરજદારને ભરણપોષણની સમસ્યા દુર થવાની નથી જેથી આ કોર્ટને દરેક માસના હુકમના ભંગ બદલ સામાવાળાને મહતમ ૧(એક) માસની સજા કરવાનું ન્યાયોચિત જણાંતુ નથી, પરંતુ કેસના સંજોગો ધ્યાને લેતા તથા આ કાયદાની જોગવાઇનો ઉદેશ્ય ધ્યાને લેતા, આ કામના સામાવાળા નરેશકુમાર બાબુભાઈ લાધવા નાઓને ૩૪ માસની બાકી રહેતી રકમના પ્રત્યેક માસના ચડત ભરણપોષણની રકમ ન ભરવા બદલ અને સદરહુ હુકમના ભંગ બદલ પ્રત્યેક માસ માટે ૧૦(દસ) દીવસની સજા કરવાનું ન્યાયોચિત જણાંતુ હોય, ન્યાયના હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુકમ</u> ::-**

૧. આ કામના સામાવાળા નરેશકુમાર બાબુભાઈ લાધવા રહે. રાળગોન તા. તળાજા, જી.ભાવનગર નાઓને પર.ફોજદારી અરજી નં.૮૩/૨૦૧૯ ના કામના અરજદાર હંસાબેન નરેશભાઈ લાધવા નાઓને ભરણપોષણ પેટે દર માસના રૂા.૭૦૦૦/- તથા અરજી ખર્ચના રૂા.૧૦૦૦/- કુલ ૩૪ માસના કુલ રૂા. ૨,૪૩,૦૦૦/- (અંકે રુપીયા બે લાખ તેતાલીસ હજાર પુરા) ચુકવવાના હુકમના ભંગ બદલ તથા દરેક માસના ભંગ બદલ દીવસ-૧૦ (દસ) મળી કુલ ૩૪ માસના ૩૪૦ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે, આ કામના સામાવાળા ઉપરોક્ત રકમ પૈકી જેટલા માસના ચડત ખોરાકીની રકમ જમાં કરાવે તેટલા માસની સજા ઉપરોકત સજામાંથી પ્રમાણસર મજરે આપવી તથા જો સામાવાળા ભરણપોષણની પુરેપુરી રકમ જમા કરાવે ત્યારે તેઓને તાત્કાલીક જેલમાંથી મુકત કરવા.

૩. આ કામના સામાવાળા હાજર રહેતા ન હોય, સામાવાળાનું સજા વોરંટ ઈસ્યુ કરવુ. તથા બજવણી માટે લગત પો.સ્ટે.ને યાદી સાથે મોકલી આપવુ.

આ હુકમ આજરોજ તા.૧૩ મી માહે – માર્ચ – સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : સીહોર

તા.૧૩/૦૩/૨૦૨૬

(જીતકુમાર તરુણભાઈ પટેલ)
એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.
સીહોર, જી.ભાવનગર
(કોડ નં. જીજે.–૦૧૬૬૫)

(બી.બી.ગોસાઇ)